SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com

# ચંદાના અજવાળામાં ઉગતી અપેક્ષા: એક સાહિત્યિક ફિલ્મવિચાર

ડૉ. જલ્પાબહેન જે. પટેલ

*ભારતીય સિનેમા માત્ર મનોરંજનનું સાધન ન રહી, પરંતુ સમાજની આંતરિક સંવેદનાઓ, સંઘર્ષો અને સ્વપ્નોની અભિવ્યક્તિનું લોકસાહિત્ય બની રહ્યું છે. અશ્વિની અય્યર તિવારી દિગ્દર્શિત 'નીલ બટ્ટે સન્નાટા' એવી જ એક સંવેદનશીલ ફિલ્મ છે, જે શિક્ષણને કારકિર્દી નિર્માણ પૂરતું નહીં, પરંતુ માનવ મુક્તિ અને સ્વાભિમાનના સાધન રૂપે રજૂ કરે છે. આ લેખમાં ફિલ્મને સાહિત્યિક અને સામાજિક દૃષ્ટિએ વિશ્લેષિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.*

*લેખનો મુખ્ય કેન્દ્રબિંદુ સિંગલ મધર ચંદા અને તેની દીકરી અપેક્ષાના સંબંધ દ્વારા પ્રગટ થતું માતૃત્વ, શિક્ષણ અને સ્વપ્નનું ત્રિવેણી સંગમ છે. ગરીબી, સામાજિક માનસિકતા અને અવસરોના અભાવ વચ્ચે પણ એક માતા કેવી રીતે પોતાની દીકરીના ભવિષ્ય માટે અડગ સંઘર્ષ કરે છે, તેનો સંવેદનાત્મક અભ્યાસ આ લેખમાં કરવામાં આવ્યો છે. ફિલ્મમાં ઉપયોગમાં લેવાયેલા પ્રતીકો—તાજમહેલ, વાળની ગૂંચ, કલેક્ટરની ગાડી, શાળા અને ચાલી—સ્વપ્નનિર્માણ, સંઘર્ષ અને પરિવર્તનને અર્થસભર રીતે ઉજાગર કરે છે.*

*આ લેખમાં ફિલ્મના શીર્ષકની પ્રતીકાત્મકતા, પાત્રનિર્માણ, પરિવેશ, ભાષાપ્રયોગ અને ગૌણ પાત્રોની ભૂમિકા પર પણ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ખાસ કરીને 'મા'ને સર્જનના પ્રતીક તરીકે, 'શિક્ષણ'ને મુક્તિના માર્ગ તરીકે અને 'સ્વપ્ન'ને માનવ અધિકાર તરીકે કેવી રીતે ફિલ્મ પ્રસ્થાપિત કરે છે, તે સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ અભ્યાસ દર્શાવે છે કે 'નીલ બટ્ટે સન્નાટા' માત્ર એક ફિલ્મ નહીં, પરંતુ શિક્ષણ, સંઘર્ષ અને આશાના મૂલ્યોને રજૂ કરતો એક સાહિત્યિક દસ્તાવેજ છે, જે આધુનિક યુગમાં સિનેમાને લોકસાહિત્ય તરીકે સ્થાપિત કરે છે*
*Key-words : ભારતીય સિનેમા, માતૃત્વ, શિક્ષણ અને મુક્તિ, સ્વપ્ન અને સંઘર્ષ, લોકસાહિત્ય, 'નીલ બટ્ટે સન્નાટા'*

ભારતીય સિનેમા માત્ર એક દૃશ્યમાધ્યમ નથી; તે સમાજના અચેતનમાં ધબકતા સ્વપ્નો, ભય અને સંઘર્ષોની ગાથા છે. કેટલીક ફિલ્મો મનોરંજન પૂરતી સીમિત રહે છે, જ્યારે કેટલીક ફિલ્મો સમય, સ્થળ અને ભાષાના બંધનો તોડી માનવ સંવેદનાના અંતઃસ્તરને સ્પર્શે છે. 'નીલ બટ્ટે સન્નાટા' એવી જ એક ફિલ્મ છે—જે શિક્ષણને માત્ર કારકિર્દી નિર્માણ નહીં પરંતુ માનવ મુક્તિના સાધન તરીકે જુએ છે. ફિલ્મના અંતે પડદા પર એક વાક્ય અંકિત થાય છે: *'For God's most wonderful creation: Mother'*. માતા–દીકરીના સંબંધને કેન્દ્રમાં રાખીને શિક્ષણની સાચી વ્યાખ્યા આ ફિલ્મના માધ્યમથી રજૂ કરવામાં આવી છે. આ ફિલ્મને સાહિત્યિક દૃષ્ટિએ જોવામાં આવે તો તે એક સંવેદનશીલ નવલકથા જેવી અનુભૂતિ કરાવે છે. 'બાળકની પ્રથમ શિક્ષક તેની માતા', એ કહેવત આ ફિલ્મના માધ્યમથી ચરિતાર્થ થતી જણાય છે.

'નીલ બટ્ટે સન્નાટા' એ હિન્દી લોકપ્રયોગ છે, જેનો અર્થ થાય છે - "કંઈ જ શક્ય નથી" અથવા "સંપૂર્ણ નિરાશા". સાહિત્યમાં આવા પ્રતીકાત્મક શીર્ષકો વાર્તાની ભાવધારા પૂર્વે જ કથાનો સંકેત આપી દે છે. ફિલ્મનું આ શીર્ષક સમાજની એ નબળી માનસિકતાને પ્રગટ કરે છે કે જ્યાં ગરીબીમાં જન્મેલા બાળકને સ્વપ્ન જોવાનો કોઈ અધિકાર નથી.

'નીલ બટ્ટે સન્નાટા' ફિલ્મના દિગ્દર્શક અશ્વિની અય્યર તિવારી છે અને 'Eros International' દ્વારા ફિલ્મ પ્રસારિત થઈ છે. ફિલ્મના કેન્દ્રમાં છે, સિંગલ મધરની બેવડી ભૂમિકા. કથા કંઈક આવી છે: લોકોના ઘરે ઘરકામ અને નાની-મોટી નોકરીઓ કરીને માતા ચંદા પોતાની અલ્લડ, આળસુ અને અભ્યાસમાં બેદરકાર દીકરી અપેક્ષાને ભણાવી-ગણાવીને એક સફળ વ્યક્તિ બનાવવા માંગે છે, જેથી તેનું ભવિષ્ય ઉજ્જવળ બને. પરંતુ દીકરી ભણવામાં રુચિ ધરાવતી નથી. એક સમયે આર્થિક તંગીના કારણે ચંદાનો અભ્યાસ અધૂરો રહી ગયો હતો અને તેને અડધી જિંદગી ગરીબીમાં વિતાવવી પડી હતી. દીકરીની માનસિકતા તો એવી છે કે ડૉક્ટરનો દીકરો ડૉક્ટર અને એન્જિનિયરનો દીકરો

એન્જિનિયર બને, તેમ કામવાળીની દીકરી કામવાળી જ બને ને! ચંદા તેની આ સંકુચિત માનસિકતાને તોડી કેવી રીતે આઈ.એસ. (IS) ઓફિસર સુધીની સફર સર કરાવે છે, તેના ચડાવ-ઉતાર અને સંઘર્ષને આલેખતી આ ફિલ્મ મહિલા શક્તિનું પણ એક પ્રેરક ઉદાહરણ છે.

ફિલ્મમાં પાત્ર અને પરિવેશ એકબીજા સાથે સુસંગત બને તો જ ફિલ્મ સફળ બની છે તેમ કહી શકાય. આ ફિલ્મનો પરિવેશ અને તેની શરૂઆતમાં આવતું ગીત ફિલ્મની પૃષ્ઠભૂમિ રચે છે. શરૂઆતના ગીતમાં જિંદગી સાથેનો સંવાદ અને સ્વપ્નોની ઉડાન છે. શબ્દો કંઈક આવા છે: "મુજ કો તું અચ્છી લગતી હૈ જિંદગી....", "ઇક પન્ના ઇક કલમ સા જીના, લિખા મિટા કે ફિર લીખના હૈ. ઇતના ઉતના ક્યા કિતના હૈ, સચ હૈ યા કોઈ મૃગતૃષ્ણા હૈ... સચ બતા દે જિંદગી તું રિશ્તે મેં મેરી ક્યા લગતી હૈ..." જેમ-જેમ ફિલ્મ આંખો આગળથી પસાર થાય, તેમ-તેમ ગીતમાં છુપાયેલો સમગ્ર ભાવાર્થ ભાવકને સમજાય છે. ફિલ્મની શરૂઆત સૂર્યોદયથી બતાવીને ફિલ્મકાર ફિલ્મના સકારાત્મક અંતને આરંભમાં જ સૂચવી દે છે. ગરીબીને સમગ્ર રીતે રજૂ કરતું આગ્રાની ચાલીનું વર્ણન તાદશતાનો અનુભવ કરાવે છે. જેમ કે - જેનાથી આગ્રાના દિવસની શરૂઆત થાય છે તે નળમાંથી ટપકતા પાણીનો અવાજ, જૂના કપડાના ટુકડાઓ જોડીને તૈયાર કરવામાં આવેલી ગોદડી અને તેના પર જમીન પર સૂતાં મા-દીકરી, એકદમ અંધારીયો ખંડ, ઘરનું રાચરચીલું, મા-દીકરીના વસ્ત્રો અને તેમની રહેણીકરણી તદ્દન સામાન્ય જીવનશૈલીને આલેખે છે. પરિવેશનું આ આબેહૂબ વર્ણન પાત્રોના વ્યક્તિત્વને પ્રગટ કરે છે અને સાથે સાથે પ્રતીકાત્મક પણ છે. જેમ કે- 'નળમાં ટપકતું પાણી' એ જીવનની અનવરત સંઘર્ષધારા, 'ગોદડી' એ પેચવર્ક જેવું જીવન અને 'અંધારિયો ખંડ' એ અવસરોનો અભાવ સૂચવે છે.

ફિલ્મના આરંભમાં ચંદા તેની દીકરી અપેક્ષાના યુનિફોર્મ પર હેતથી હાથ ફેરવે છે અને બીજી બાજુ આળસુ દીકરી અપેક્ષા માને કહે છે: "તેં મારું નામ અપેક્ષા કેમ રાખ્યું? હાજરી પત્રકમાં સૌથી પહેલું નામ મારું આવે છે. 'ઝેડ' થી રાખ્યું હોત તો થોડો વધારે સમય ઊંઘવા મળત." ઉનાળુ વેકેશન પછીના શાળાના પ્રથમ દિવસે માતા કામ પર જતાં પહેલાં મંદિરે જઈને તમામ દેવતાઓને વિનંતી કરે છે કે, "અપ્પુ દસમામાં છે, તેને સાચવી લેજો..." હવે બે દૃશ્યો ફિલ્મમાં સમાંતર ચાલે છે. ગુજરાતીમાં એક કહેવત છે: 'સંગ તેવો રંગ'. આ કહેવત અહીં ચરિતાર્થ થાય છે. કામ પર ગયેલી ચંદાને તેના માલકિન કહે છે: "કભી તો લેટ હો ગયા કર!" અને બીજી બાજુ છોકરી શાળાએ હંમેશાની જેમ મોડી જ પહોંચે છે. શાળાના પ્રિન્સિપાલ પ્રાર્થના દરમિયાન તેને હાથ ઊંચા કરાવી તેના બીજા બે મિત્રોની સાથે બહાર ઊભી રાખે છે. જેમાંથી એક મિત્ર થોડું અંગ્રેજી શીખી પિતાની જેમ મુંબઈમાં ડ્રાઈવર બનવા માંગે છે, શાળાના શિક્ષક તેને 'લિટલ આઈલેન્ડ' કહીને સંબોધે છે. બીજી બહેનપણીને પોતે આગળ શું કરશે તેની ખબર નથી અને અપ્પુ પોતે પોતાની માતાની જેમ કામવાળી બાઈ બનવા માંગે છે.

ફિલ્મમાં બે મુખ્ય પરિવેશ છે: એક ચંદાનું ઘર અને બીજી શાળા. શાળામાં આ ત્રણ મિત્રોની સાથે સાથે એક એવો વિદ્યાર્થી પણ છે જે ખૂબ મહેનતુ અને હોંશિયાર છે. આ ત્રણે મિત્રો તેને જોઈને એકબીજાને કહે છે: "વો દેખો કેલ્ક્યુલેટર સાલા. કૈસે ફૂલ બેટરી ચાર્જ હૈ ઉસ કી..." માતા આખો દિવસ હળદર-મરચું પેક કરવાનું, ઘરકામ કરવાનું અને જૂતાં પેક કરવાનું કાર્ય કરી દીકરીને ભણાવવા માટે પૈસા ભેગા કરે છે, પણ દીકરી અડધો દિવસ વર્ગખંડની બહાર સજામાં જ ઊભી હોય છે અને અડધો દિવસ ઘરે જઈને ફિલ્મી ગીતો પર નાચીને ગપ્પા મારી મોજ કરે છે.

૧૦મા ધોરણના પ્રથમ દિવસે માતા રાત્રે ઘરે આવીને દીકરીને પૂછે છે: "કેવો રહ્યો પહેલો દિવસ?" ત્યારે દીકરી બિન્દાસ જવાબ આપે છે: "એજ ક્લાસ એજ પુસ્તકો!" અપ્પુના જવાબથી ચોંકીને ચંદા અન્ય એક સવાલ કરે છે: "શું તને ૧૦માં ધોરણમાં નથી મોકલી?" અને દીકરી એકદમ લાપરવાહ બની જવાબ આપે છે: "શું ફરક પડે છે? નવમી-દસમીમાં ખાલી ચોપડીઓ થોડી જાડી થઈ જાય છે... .... ગણિત ભણાવવા આવ્યા રણવીર કપૂર અને ફિઝિક્સ માટે શાહરૂખ ખાન." તેના આવા બિન્દાસ જવાબો ચંદા માટે સતત પીડાનું કારણ બને છે. પરંતુ દીકરી એટલી અલ્લડ છે કે માતાની સંવેદના અને તેના સંઘર્ષોને સમજી શકતી નથી. કદાચ ચંદાએ તેનો ઉછેર એવી રીતે કર્યો છે કે તેને પિતાની કમી મહેસૂસ ન થાય, પણ તે જ લાડમાં તે માતાના સંઘર્ષો અને વેદનાને અનુભવી શકતી નથી.

ચંદા પોતાની દીકરીના આવા વર્તન પછી પણ તેને જીવનમાં સફળ બનાવવાના પ્રયત્નો છોડતી નથી. તે જેમના ઘરે કામ કરવા જાય છે તે મિસ દિવાન વ્યવસાયે ડૉક્ટર છે. ચંદા તેમના સંપર્કમાં રહીને જ કદાચ જીવન પ્રત્યે સકારાત્મક બની છે. તેઓ સતત ચંદાને તેની દીકરીને ભણાવવા પ્રોત્સાહિત કરે છે અને શિક્ષણનું મહત્વ સમજાવે છે. ચંદા પોતાની મૂઝવણ તેમની સમક્ષ રજૂ કરે છે: "ડૉક્ટર કે એન્જિનિયર બનવા બહુ પૈસા જોઈએ?" ત્યારે તેને આજના શિક્ષણની નરવી વાસ્તવિકતા જાણવા મળે છે કે આજે શિક્ષણ એક વ્યાપાર બની ગયું છે. પહેલાં વધુ ખર્ચ નહોતો થતો એટલે જ મિસ દિવાન ડૉક્ટર બની શક્યા, પરંતુ આજે આ ક્ષેત્રોમાં પ્રવેશવા માટે અઢળક નાણાં જોઈએ. ત્યારથી ચંદા સતત ચિંતામાં છે કે પૈસા વગર દીકરીના ભવિષ્યનું શું થશે? પરંતુ અગાઉ જણાવ્યું તેમ, દીકરી તો શાળાએથી આવીને બિન્દાસ ચાલીના મિત્રો સાથે

મળી ફિલ્મી ગીતો પર નાચતી રહે છે. ફિલ્મી સિતારાઓના ફોટા કાપીને દીવાલો પર લગાવે છે. પાડોશીના દીકરાને પટાવાળાની ૭,૦૦૦ રૂપિયાની સરકારી નોકરી મળી ગઈ, એ વાત તે માતાને એવી રીતે જણાવે છે જાણે કેટલી મોટી સિદ્ધિ હોય! ત્યારે ચંદા અપ્પુને પૂછે છે કે, "તે પોતે શું બનવા માંગે છે?" અપેક્ષા તડાક દઈને જવાબ આપી દે છે: "ડૉક્ટરનો દીકરો ડૉક્ટર બને, એન્જિનિયરનો દીકરો એન્જિનિયર, તો કામવાળીની દીકરી કામવાળી જ બને ને!" અપેક્ષાના આ જવાબ પર ચંદા ઉગ્ર બની જાય છે. દીકરી તેને આજકાલની કામવાળીઓના ભવિષ્ય વિશે ભાષણ આપે છે. ચંદાને સતત એ ચિંતા છે કે તેની દીકરી તેની જેમ કામવાલી ન બને, પરંતુ અપેક્ષા તે સમજી શકતી નથી. અપેક્ષાની આ નાની નાની ક્રિયાઓ ફિલ્મમાં માત્ર મનોરંજન માટે નથી; તેના દ્વારા સર્જક ભાવકનું ધ્યાન અપેક્ષાની માનસિકતા તરફ દોરે છે. આવી સૂક્ષ્મ રેખાઓ દ્વારા જ ફિલ્મમાં પાત્ર સામાન્ય મટી ચરિત્ર નિર્માણ તરફ આગળ વધે છે.

બીજા દિવસે ઉદાસ ચહેરે ચંદા કામ પર જાય છે. ચંદાનો ઉદાસ ચહેરો ડૉક્ટર દંપતી વાંચી લે છે. ત્યારે ચંદા પોતાની પીડા વર્ણવતા કહે છે કે અપ્પુ બાઈ બનવા માંગે છે!, તે કહે છે " ડૉક્ટરનો દીકરો ડૉક્ટર બને, એન્જિનિયરનો દીકરો એન્જિનિયર, તો કામવાળીની દીકરી કામવાળી જ બને ને!" તેના પ્રત્યુત્તરમાં મિસ દિવાન સકારાત્મક જવાબ આપે છે કે "જો એવું જ હોત તો અબ્દુલ કલામ માછીમાર હોત, પરંતુ તેઓ તો મહાન વૈજ્ઞાનિક અને રાષ્ટ્રપતિ બન્યા." આ વાત ચંદાના મનમાં ઘર કરી જાય છે. તેઓ ચંદાને સમજાવે છે: "વ્યક્તિ બે બાબતોથી બને છે, એક મહેનત અને બીજું નસીબ. ગરીબ પાસે નસીબ હોતું નથી, એટલે માત્ર મહેનત જ બચે છે, જે તારે કરાવવી પડશે." તેઓ તેને શિખામણ આપે છે કે ઓછામાં ઓછું અપ્પુને ૧૦મું તો ભણાવજે જ. અહીં જે દૃશ્ય દર્શાવવામાં આવ્યું છે તે પ્રતીકાત્મક છે. સવારે મિસ દિવાન, તેમના પતિ અને ચંદા કુંડામાં નાના નાના છોડ ઉગાડી રહ્યા છે અને ઉગેલા છોડોની માવજત કરી રહ્યા છે. આ માત્ર બાહ્ય ઘટના નથી, આ દંપતી સતત ચંદાના મન-મસ્તિકમાં અપેક્ષાના ઉજ્જવળ ભવિષ્ય નિર્માણનું સ્વપ્નરૂપી બીજ રોપતા રહે છે. ચંદા પણ અજાણતા આ સ્વપ્ન સેવે છે. જેમ મિસ દિવાનનો બગીચો હરિયાળો છે, તેમ ચંદાનું સ્વપ્ન પણ ચોક્કસ પલ્લવિત થશે. આ દંપતી તેના સ્વપ્નરૂપી છોડ માટે ખાતર અને પાણીનું કામ કરે છે. આમ, આ સમગ્ર દૃશ્ય ફિલ્મનું સૌથી વધુ પ્રતીકાત્મક દૃશ્ય છે.

ડૉક્ટર હોવાના નાતે મિસ દિવાનને વિચાર આવે છે કે અપ્પુને કોઈ બીમારી તો નથી ને? ચંદા કહે છે: એવું કંઈ નથી, તે માત્ર ગણિતમાં અટકી જાય છે. મિસ દિવાન ગણિતના ટ્યુશન માટે ચંદાને તેમના પરિચિત ગુપ્તાજી પાસે મોકલે છે. અહીં પણ ચંદાને ટ્યુશન ક્લાસની વ્યાવસાયિક નીતિનો ખ્યાલ આવે છે. ગુપ્તાજી શરત મૂકે છે કે જો દીકરી પ્રિ-બોર્ડ પરીક્ષામાં ૫૦% થી વધુ માર્ક લાવે તો જ પ્રવેશ મળશે, કારણ કે તેઓ માત્ર તેજસ્વી વિદ્યાર્થીઓને જ ભણાવે છે જેથી તેમના ક્લાસનું નામ થાય. ઘરે આવીને ચંદા અપ્પુને મહેનત કરવા સમજાવે છે, પણ અપ્પુ તોછડાઈથી માને જવાબ આપે છે: " જો હું પ્રીબોર્ડ પરીક્ષામાં સારા માર્ક લાવી પણ દઉં, તો શું તારી હેસિયત પણ છે મને આગળ ભણાવવાની? તે રાત્રે ચંદા અપ્પુની ગણિતની નોટબુકમાં લાલ ચેકડાઓ જોઈને અત્યંત ચિંતિત થઈ જાય છે.

બીજા દિવસે ચંદા મિસ દિવાનને આ સઘળી વાત કરે છે અને મજાકમાં કહે છે: "જો હું ભણી શકતી હોત તો હું ભણત અને અપ્પુને પણ ભણાવત." આ સાંભળી મિસ દિવાન તેને એક માર્ગ બતાવે છે: "જો તું ખરેખર અપ્પુને ભણાવવા માંગતી હોય તો તું તેની જ શાળામાં તેના જ વર્ગમાં ભણવા જા. તું તેની નજર સામે હોઈશ તો તે ગડબડ નહીં કરી શકે." શરૂઆતમાં ચંદા આનાકાની કરે છે, પણ ડૉક્ટર દંપતીના સાથ-સહકારથી તે તૈયાર થાય છે. શાળાના આચાર્ય શ્રીવાસ્તવ સર (જે અપ્પુને 'ફ્યુઝ બલ્બ' કહે છે) ની અનેક દલીલો અને મિસ દિવાનની જીદ સામે અંતે માતાની લાગણીનો વિજય થાય છે અને ચંદાને પ્રવેશ મળે છે. અહીંથી સંઘર્ષ પૂર્ણ નથી થતો, પણ વધવાનો છે.

ઘરે જઈને ચંદા અપ્પુને આ વાત કરે છે ત્યારે અપ્પુ ભાવુક બની આનાકાની કરે છે અને વચન આપે છે કે તે બરાબર ભણશે. પરંતુ ખરેખર અપ્પુ પર તેની કોઈ કાયમી અસર થઈ નથી. આથી ચંદા મક્કમ બની શાળાએ જાય છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ તેની મજાક ઉડાવે છે, છતાં બધું અવગણીને તે અમનની બાજુમાં બેસે છે. ઘણા દિવસો સુધી કોઈને ખબર નથી પડતી કે તે અપ્પુની માતા છે. ચંદાને ઘરના કામ, નોકરી અને શાળાના કલાકો વચ્ચે બેવડો સંઘર્ષ કરવો પડે છે. અમન સાથે તેની મૈત્રી થાય છે; અનાથ અમનને માતૃહૃદયથી ભરેલી ટીફિન મળે છે તેના બદલામાં અમન સ્વેચ્છાએ ચાંદાને ગણિત શીખવે છે. અમન તેને પહેલો પાઠ ભણાવે છે: "ગણિતને જીવન સાથે જોડી દો, તે સરળ નહીં મજેદાર લાગશે." ઘરે કામ કરતાં કરતાં પણ ચંદા અમન પાસેથી શીખેલી વિદ્યા મુજબ ગણિતના સૂત્રો ગીતો દ્વારા મોઢે કરે છે. ધીરે ધીરે અપ્પુના મિત્રો પણ ચંદા સાથે મિત્રતા કરે છે, પણ અપ્પુ આ વાતથી ગુસ્સે થાય છે. ટેસ્ટમાં ચંદાના વધુ અને અપ્પુના ઓછા માર્ક આવતાં અપ્પુનો આક્રોશ ફાટી નીકળે છે. તે માતાને પડકાર ફેંકે છે કે જો તે વધુ માર્ક લાવશે તો ચંદાએ શાળા છોડવી પડશે.

તે દિવસથી બંને વચ્ચે સ્પર્ધા શરૂ થાય છે. વિચારોના વમળોથી ઘેરાયેલી ચંદા એક દિવસ અચાનક કલેક્ટરની ગાડી સાથે અથડાઈ જાય છે. કલેક્ટર સાહેબના નમ્ર અને આદરણીય વર્તનથી પ્રભાવિત થઈ તેના મનમાં એક નવું સ્વપ્ન જાગે છે. તે કલેક્ટર સાહેબને મળીને કલેક્ટર બનવાનો માર્ગ પૂછે છે અને તેને જાણવા મળે છે કે આ માટે પૈસાની નહીં પણ આકરી મહેનતની જરૂર છે. કલેક્ટર સાહેબ તેના સ્વપ્નને પામી જાય છે અને તેને પોતાની ગાડીમાં ઘરે મોકલે છે. ડાયરેક્ટરે અહીં સ્વપ્ન સાકાર કરવા માટેની એક અનેરી 'ટચ એન્ડ ફીલ'ની મનોવૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કર્યો છે; ગાડીનો સ્પર્શ ચંદાના સ્વપ્નને મક્કમ બનાવે છે.

શરત મુજબ બંને મહેનત કરે છે અને અપ્પુના માર્ક ચંદા કરતા વધે છે. અહીંથી જ ચંદાનો ખરો સંઘર્ષ શરૂ થાય છે. સમયના અભાવે તેની નોકરીઓ છૂટી જાય છે. અપ્પુ ચંદાને કહે છે કે તેણે માત્ર ચંદાથી પીછો છોડાવવા મહેનત કરી હતી, તે પોતાના સ્વપ્નો તેની પર ન થોપે! તે દિવસે ચંદા ચંદા માનસિક રીતે તૂટી જાય છે. આર્થિક અને માનસિક તંગી વચ્ચે તે મંદિરમાં ઈશ્વર પાસે માર્ગ માંગે છે અને ફરી તેને કલેક્ટરની ગાડી દેખાય છે, જે તેની હિંમત વધારે છે. અમનની મદદથી નવી નોકરી શોધે છે. રાત્રે નોનવેજની લારી પર વાસણ માંજવાનું કામ શરૂ કરે છે. રાત્રે ચાંદાને એક વ્યક્તિ સ્કૂટર પર ઘરે છોડી જાય છે આ જોઇને અપ્પુ તેનો ખોટો અર્થ કાઢે છે અને માતાએ ભેગા કરેલા પૈસા ચોરીને ઉડાવી દે છે.

અંતે, અમન અપ્પુને વાસ્તવિકતાનો અહેસાસ કરાવે છે. તે તેને બતાવે છે કે તેની માતા તેના ભવિષ્ય માટે કેટલી આકરી મજૂરી કરી રહી છે. અમન સમજાવે છે કે ચંદાનું પોતાનું કોઈ સ્વપ્ન નથી, તેનું સ્વપ્ન જ અપ્પુ છે. આ સત્ય જાણી અપ્પુનું હૃદય પરિવર્તન થાય છે. તે માતા પાસે પ્રાયશ્ચિત કરે છે અને તેને ફરી શાળાએ લાવે છે. જ્યારે શિક્ષક ચંદાનું અપમાન કરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે અપ્પુ ગૌરવભેર માતાનો પક્ષ લે છે. અંતિમ પરીક્ષામાં બંને સફળ થાય છે. વર્ષો પછી અપ્પુ આઈ.એસ. (IS) નું ઇન્ટરવ્યુ આપે છે. ગણિત વિષય સાથે તે સફળ થાય છે. ઇન્ટરવ્યુમાં જ્યારે પૂછવામાં આવે છે કે તે આઈ.એ.એસ. કેમ બનવા માંગે છે, ત્યારે તે કહે છેઃ "કારણ કે હું બાઈ બનવા નથી માંગતી."

ફિલ્મના અંતે માતાનું કથન અત્યંત પ્રેરણાદાયી છે. પ્રથમ પુરુષના માધ્યમે સર્વે મનુષ્ય માટેનું છેઃ "નિષ્ફળતામાં કંઈ ખોટું નથી, ખોટું તો પ્રયત્ન વગર હાર માની લેવામાં છે. તારું સ્વપ્ન માત્ર તારું છે, તેને આંખ સામેથી ખસવા ન દેતી." ચંદા જેવી માતાઓએ એકલા હાથે સંતાનોના માર્ગ મોકળા કર્યા છે. ઈશ્વર બાદ શ્રેષ્ઠ સર્જન 'મા' છે, તે અહીં ચરિતાર્થ થાય છે. અપેક્ષાની આ યાત્રા સ્વીકારમાંથી સ્વાભિમાન તરફની યાત્રા છે.

ફિલ્મની શરૂઆત અને અંતે આગ્રામાં સ્થિત ભારતના સ્થાપત્યનો અજોડ નમૂનો 'તાજમહેલ' દર્શાવવામાં આવે છે. જેમ મુઘલ બાદશાહ શાહજહાંના સ્વપ્નનું મૂર્ત સ્વરૂપ 'તાજમહેલ' છે, તેમ ચંદાના અંતરમાં ઉગેલું સ્વપ્નનું વાસ્તવિકત સવરૂપ છે 'આઈ.એસ. અપેક્ષા'. આ રીતે 'તાજમહેલ' અહીં માત્ર પરિવેશ પૂરતો સીમિત ન રહી, સ્વપ્નનિર્માણ અને સર્જનપ્રક્રિયાનું પ્રતીક બને છે.

ફિલ્મ જોતી વેળાએ કેટલાક પ્રશ્નો મનમાં ઉદ્ભવે છે. પ્રથમ પ્રશ્ન એ કે, જેમના ઘરે ચંદા કામ કરે છે તેમને ડોક્ટર જ કેમ દર્શાવવામાં આવ્યા છે? તેનો ઉત્તર એ છે કે આખી ફિલ્મનું કેન્દ્રસ્થાન 'શિક્ષણ' છે. શિક્ષણના માર્ગે આગળ વધવા માટે માર્ગદર્શન આપનાર વ્યક્તિ સ્વયં શિક્ષિત હોવી તો યોગ્ય લાગે. અહીં 'સંગ તેવો રંગ' કહેવત અપેક્ષા અને તેના મિત્રો તેમજ ચંદા અને ડોક્ટર માલિકના સંબંધો દ્વારા સાર્થક થાય છે. બીજો પ્રશ્ન એ કે, ડોક્ટર કે એન્જિનિયર નહીં પરંતુ કલેક્ટરની નોકરી જ કેમ પસંદ કરવામાં આવી? તેનું કારણ ચંદાની સામાજિક સ્થિતિમાં છુપાયેલું છે. ચંદા એક સિંગલ મધર છે; તેના પરિવારનું એકમાત્ર આધારસ્તંભ તે પોતે જ છે. લોકોના ઘરે કામ કરનારી સ્ત્રી માટે આવકની દૃષ્ટિએ કલેક્ટરની નોકરી વ્યવહારું સ્વપ્ન બને, કારણ કે તેમાં પૈસા કરતાં મહેનત અને સંઘર્ષનું વધારે મહત્ત્વ છે. ચંદાનું કલેક્ટરની ગાડી સાથે અથડાવું તેના જીવનને નવી ગતિ અને ઉર્જા આપે છે. આ અકસ્માત તેના માટે મુશ્કેલી ઉભી કરવાના બદલે નવો અને યોગ્ય માર્ગ ચિંધનાર બને છે.
ત્રીજો મહત્વનો પ્રશ્ન બંને મુખ્ય પાત્રોના નામ અને અટક સંદર્ભે છે—'ચંદા સહાય' અને 'અપેક્ષા સહાય'. ચંદ્રના આછા અજવાળા જેવી ચંદા, અપેક્ષાને તેની મહત્ત્વાકાંક્ષાઓ સિદ્ધ કરવામાં સહાયરૂપ બને છે. અને ચંદાની પોતાની સૌથી મોટી અપેક્ષા પણ 'અપેક્ષા' જ છે.

ફિલ્મના આ બે મુખ્ય પાત્રોને ચરિત્રનિર્માણ તરફ લઈ જવામાં સહાયક બને છે ફિલ્મના ગૌણ પાત્રો જેમકેઃ ડોક્ટર માલિક, અમન, અપ્પુના બે મિત્રો, શાળાના આચાર્ય અને કલેક્ટર સાહેબ. તેમની હાજરી વિના ચંદા અને અપેક્ષા માત્ર ફિલ્મી પાત્રો બની રહેત, પરંતુ તેમની

સાથે તેઓ સમાજના જીવંત પ્રતિનિધિ બની ઊભા રહે છે. ચંદા અને અપેક્ષા આપણા સમાજમાં વિખરાયેલી અસંખ્ય સંઘર્ષશીલ સ્ત્રીઓ અને બાળકોના પ્રતિબિંબ છે.

પરિવેશને આબેહૂબ રજૂ કરતી ફિલ્મની ભાષા પણ નોંધપાત્ર છે—ચાલીમાં રહેતી ચંદા અને અપેક્ષાની ભાષામાં આવતાં સ્લેંગ શબ્દો, શાળામાં વિદ્યાર્થીઓ વચ્ચે વપરાતી ભાષા અને શિક્ષકો વચ્ચેની ટેબૂ ભાષા—કોઈ વધારાની ખેંચતાણ વિના સહજ રીતે રજૂ થાય છે. માત્ર ૧ કલાક અને ૪૦ મિનિટની આ ફિલ્મ અસાધારણ વેધકતાથી સંવેદનનો વિશ્વ ઊભું કરે છે.

ફિલ્મના મધ્યભાગમાં આવતું એક દશ્ય વિશેષ અર્થસભર છે, જેમાં ચંદા વાળની ગૂંચ કાંઢતી વેળાએ પોતાની દીકરીની ચિંતા મિત્ર સમક્ષ વ્યક્ત કરે છે. આ દશ્ય સાંકેતિક રીતે એ દર્શાવે છે કે દીકરીને સમજાવવાના અનેક પ્રયત્નો છતાં દીકરી સમજવા તૈયાર નથી આ તેનાં જીવવાની મોટીમાં મોટી ગૂંચ છે. પરંતુ ચંદા ધીરજપૂર્વક પોતાના કાર્યને વળગી રહે છે. અને અંતે બંધાયેલો ચોટલો આ વિશ્વાસ પ્રગટાવે છે કે તેના તમામ પ્રયત્નો સફળ થશે અને અપેક્ષા યોગ્ય દિશામાં વળશે.

લેખકની આ તમામ સૂઝ સહૃદય ભાવકને પ્રત્યક્ષ કરાવે છે કે એક પટકથાકાર પટકથા લખતા પહેલાં કેટલા વિવિધ દષ્ટિકોણોથી વિચાર કરે છે, અને ત્યારબાદ એક ક્લાસિક કથાનું સર્જન શક્ય બને છે. અહીં 'મા' સર્જનનું, 'શિક્ષણ' મુક્તિનું અને 'સ્વપ્ન' માનવ અધિકારનું પ્રતીક બને છે. 'નીલ બટ્ટે સન્નાટા' સાબિત કરે છે કે સિનેમા આધુનિક યુગનું લોકસાહિત્ય બની શકે છે. શિક્ષણ, સંઘર્ષ અને સ્વપ્નના સંયોજન દ્વારા ફિલ્મ માનવ સંવેદનને સ્પર્શે છે અને આશાનો સંદેશ આપે છે. આ દષ્ટિએ 'નીલ બટ્ટે સન્નાટા' માત્ર એક ફિલ્મ નહીં, પરંતુ સંવેદન અને મૂલ્યોનો સાહિત્યિક દસ્તાવેજ છે.

ફિલ્મમાં ડૉક્ટરનું પાત્ર શિક્ષણનું કેન્દ્ર છે. કલેક્ટરનું પદ મહેનતનું પ્રતીક છે. 'ચંદા' અને 'અપેક્ષા' નામો પણ અર્થસભર છે; ચંદાના અજવાળામાં જ અપેક્ષાના સ્વપ્નો પૂર્ણ થાય છે. પરિવેશને અનુરૂપ ભાષા અને સાંકેતિક દશ્યો, જેમ કે વાળની ગૂંચ ઉકેલવી તે જીવનની સમસ્યાઓ ઉકેલવાનું પ્રતીક છે. 'મા' સર્જનને, 'શિક્ષણ' મુક્તિને અને 'સ્વપ્ન' માનવ અધિકારને સૂચિત કરે છે. 'નીલ બટ્ટે સન્નાટા' ફિલ્મ સાબિત કરે છે કે સિનેમા આધુનિક યુગનું લોકસાહિત્ય બની શકે છે. આ માત્ર એક ફિલ્મ નહીં, પરંતુ સંવેદન અને મૂલ્યોનો સાહિત્યિક દસ્તાવેજ છે.

## સંદર્ભ સૂચિ:


1) Aiyar Tiwari, Ashwiny Iyer, દિગ્દર્શક. *નીલ બટ્ટે સન્નાટા.* ઇરોઝ ઇન્ટરનેશનલ, 2016.
2) Desai, Ramanlal. *સાહિત્ય અને સમાજ.* યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
3) Desai, Ushaben. *સ્ત્રી, શિક્ષણ અને સમાજ.* પરિમલ પ્રકાશન, અમદાવાદ.
4) Dave, Chandrakant. *સિનેમા અને સમાજ.* ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.
5) NCERT. *શિક્ષણ અને સામાજિક પરિવર્તન અંગેનું પોઝિશન પેપર.* એનસીઈઆરટી પ્રકાશન, નવી દિલ્હી.